# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન નં. ૦૨૭૪૨-૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in

ક્રમાંક:સકઅ/ઓનલઈન શિ.વૃત્તિ/૨૦૧૮-૧૯/ ૧૭૦૩ તારીખ:૦૬/૦૪/૨૦૧૮

ખાસ જરૂરી
સમયમર્યાદા

પરિપત્ર

આથી બનાસકાંઠા જિલ્લાની તમામ સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્રારા વિધાર્થીઓના હિતમાં જે શાળાઓના ધો. ૧ થી ૧૦ ના વિધાર્થીઓની પ્રપોઝલ શાળા કક્ષાએ પેન્ડીંગ હોય તેવી તમામ શાળાઓએ પેન્ડીંગ પ્રપોઝલ સંપૂર્ણ ચકાસીને મોડામાં મોડા તારીખ ૨૦/૦૪/૨૦૧૮ સુધીમાં જિલ્લાના લોગીનમાં ઓનલાઈન ફોરવર્ડ કરવા સૂચના આપેલ છે.

આપની શાળામાં સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી તથા વિચરતી-વિમુક્ત જાતિના વર્ષ-૨૦૧૭-૧૮ના ધો. ૧ થી ૧૦ ના વિધાર્થીઓની પ્રપોઝલ શાળા કક્ષાએ પેન્ડીંગ હોય તેવા વિધાર્થીઓના બેંક ખાતા નંબરો તથા વિધાર્થીઓના નામ-સરનામાં, આધારકાર્ડ નંબર વગેરેની પૂરતી ચકાસણી કરીને પેન્ડીંગ પ્રપોઝલ મોડામાં મોડા તા:૨૦/૦૪/૨૦૧૮ સુધીમાં જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોરવર્ડ કરવા વિનંતી છે.

આ મુદત આખરી હોઈ શાળાઓએ પડતર દરખાસ્તો નિયત સમયમર્યાદામાં ઓનલાઈન ફોરવર્ડ કરવી આવશ્યક છે. જે શાળાઓ પેન્ડીંગ પ્રપોઝલ નિયત સમયમર્યાદામાં ફોરવર્ડ નહિ કરે અને વિધાર્થીઓ શિષ્યવૃતિ/ગણવેશ સહાયથી વંચિત રહેશે તેની સઘળી જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે જેની ગંભીર નોંધ લેવા વિનંતી છે.

જિલ્લા સમાજકલ્યાણ અધિકારી
(વિ.જા.)બનાસકાંઠા, પાલનપુર

ક્રમાંક:–માવિ.૪/પરીપત્ર//૨૦૧૮/ ૬૯૩૦-૬૯૮૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ :૯/૪/૨૦૧૮

૨/–નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ)
સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા.